એનું નામ ફકીર, જેની મેરું જેવડી ધીર, પ્રસન્ન મનથી ભોગવે પોતે, દુઃખીજનોની પીડ.. વિપત્તિથી એ વણસે નહિ ને પીવે સંતોષના નીર...

| નવા કેસ | |
|---|---|
| રાજ્ય | ૧૦૮૧ |
| અમદાવાદ | ૧૮૦ |
| ગાંધીનગર | ૨૯ |

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૩૭ ૨૬ જુલાઈ, ૨૦૨૦, રવિવાર; શ્રાવણ સુદ - ૬ પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# દેશમાં કોરોના વિકરાળ : નવા ૪૯ હજારથી વધુ કેસ

## દેશમાં કોરોના સંક્રમિતોનો કુલ આંકડો ૧૩.૩૬ લાખને પાર : ૨૪ કલાકમાં ૭૫૭ના મોત : મૃત્યુઆંક ૩૧,૩૫૮એ પહોંચ્યો, ૨૪ કલાકમાં ૩૨,૨૨૩ દર્દીઓ સાજા થયા : છેલ્લા ૨૪ કલાકમાં ૪ લાખથી વધુ કોરોના ટેસ્ટ કરવામાં આવ્યા : આઇસીએમઆર



ન્યુ દિલ્હી,તા.૨૫

અન્ય દેશોની સાથે-સાથે ભારતમાં પણ કોરોનાએ સ્થાયી મુકામ કર્યો હોય તેમ અનલોક-૨ના ૨૪મા દિવસે પણ ૪૯ હજાર જેટલા નવા કેસો ઉમેરાયા હતા, તો વધુ ૭૫૭ લોકોના મોત થયા હતા. આ સાથે જ કુલ કેસો હવે વધીને ૧૩ લાખને પાર એટલે કે ૧૩ લાખ ૩૬ હજાર ૮૬૧ થયો છે અને કુલ મૃત્યુઆંક વધીને ૩૧૩૫૮ થયો છે. આ ૪૮ કલાકમાં જ કોરોના સંક્રમણના નવા કુલ ૯૮,૨૨૬ કેસ પ્રકાશમાં આવ્યા છે, જે ૧ લાખની આસપાસ છે. આજે શનિવારે સવારે છેલ્લાં ૨૪ કલાકના શુક્રવારના આંકડા જાહેર કરવામાં આવ્યાં હતા. જે દર્શાવે છે કે કોરોના ભારતમાંથી જલ્દી વિદાય લે એમ જણાતું નથી. કેસો ઘટવાને બદલે હવે દિવસે દિવસે વધી રહ્યાં છે અને છેલ્લાં બે-અઢી દિવસમાં જ એક લાખ કેસો સામે આવ્યાં છે. જો આ જ પ્રમાણમાં કેસો વધવાનું વલણ રહ્યું તો સોમવારે કેસો ૧૪ લાખને પાર કરી જાય તેમ છે. કુલ સક્રિય કેસોની સંખ્યા હવે ૪,૫૫,૦૮૯ થઇ છે અને સાજા થયેલા લોકોની સંખ્યા પણ ૮,૫૦,૧૦૭ થઇ છે.

● અનુસંધાન પાન-૭ પર

# મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણને કોરોના પોઝિટિવ

## ડોક્ટરની સલાહ મુજબ ક્વોરન્ટીન કરીશ અને સારવાર કરાવીશ, રાજ્યના દરેકને અપીલ છે કે સાવધાની રાખો : શિવરાજ સિંહે ટ્વિટ કરીને આપી માહિતી

નવી દિલ્હી, તા.૨૫

દેશમાં કોરોનાના કહેર વચ્ચે સામાન્ય માણસથી લઈને રાજનેતા પણ બચ્યા નથી. મધ્યપ્રદેશમાં ધારાસભ્યો અને મંત્રીઓ પછી હવે ખુદ મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહણ પણ કોરોના પોઝિટિવ આવ્યા છે. શિવરાજસિંહે પોતે આ અંગે ટ્વિટ કરીને જાણકારી આપી છે. શિવરાજ સિંહ દેશમાં પહેલા એવી મુખ્યમંત્રી છે જે કોરોના પોઝિટિવ આવ્યા છે. શિવરાજ ચૌહાણે ટ્વિટ કરીને લખ્યું કે 'હું કોરોના પોઝિટિવ આવ્યો છું. મારા તમામ સાથીઓને અપીલ છે કે જેઓ પણ મારા સંપર્કમાં આવ્યા છે. તેઓ પોતાનો કોરોના ટેસ્ટ કરાવી લે. મારા નજીકમાં સંપર્કમાં રહેતા તમામ લોકો સેલ્ફ ક્વોરન્ટીન થઈ જાય. હું કોરોના ગાઈડલાઈનું પૂર્ણ પાલન કરી રહ્યો છું. ડોક્ટરની સલાહ મુજબ પોતાને ક્વોરન્ટીન કરીશ અને સારવાર કરાવીશ. રાજ્યના દરેકને મારી અપીલ છે કે સાવધાની રાખો. જરા સરખી પણ અસાવધાની કોરોનાને આમંત્રણ આપી શકે છે. મે કોરોનાથી બચવા માટે તમામ સંભવિત પ્રયાસ કર્યા હતો જોકે ફરજના ભાગ રુપે લોકોની સમસ્યા દૂર કરવા માટે અનેક



લોકોને રોજ મળવાનું થતું હતું. મારી ફરી એકવાર સલાહ છે કે જે પણ લોકો મને હાલ થોડા સમયમાં મળ્યા છે તે પોતાનો કોરોના ટેસ્ટ કરાવી લે. યોગ્ય સમયે સારવારથી કોરોના બિલકુલ ઠીક થઈ જાય છે. હવે શક્ય હશે ત્યાં સુધી હું વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા કોરોના સમીક્ષા જેવા મહત્વપૂર્ણ કાર્યો કરીશ.

# મોદીએ આવતીકાલે રાજ્યોના મુખ્યમંત્રીઓની બેઠક બોલાવી

## દેશમાં કોરોના વાયરસના કેસોમાં ચિંતાજનક ઉછાળો : ૯ રાજ્યોએ કેન્દ્ર સરકારની ચિંતામાં વધારો

નવી દિલ્હી, તા.૨૫

દેશમાં કોરોના વાયરસના કેસોમાં રોકેટ ગતિએ ઉછાળો નોંધાઈ રહ્યો છે. રોજે રોજ કોરોનાના રેકોર્ડબ્રેક કેસો સામે આવી રહ્યા છે. આ વચ્ચે દેશમાં શુક્રવારે પણ કોરોનાના નવા કેસોનો આંકડો ૫૦ હજારની નજીક રહ્યો હતો. જ્યારે ૭૫૭ લોકોના મોત થઈ ગયા. આ સાથે જ કુલ કેસોનો આંકડો ૧૩ લાખને પાર પહોંચી ગયો છે. દેશમાં કોરોના વાયરસના કેસનો આંકડો ધીમે ધીમે ભયાનક સ્થિતિ તરફ આગળ વધી રહ્યો છે. જેમાં શુક્રવારે દેશમાં ૪૯,૦૦૦થી વધુ નવા કેસો સામે આવ્યા. આ સાથે જ ૭૫૭ લોકોના કોરોનાથી મોત થયા. છેલ્લા ત્રણ દિવસથી નવા કેસો અને મૃત્યુઆંકમાં વધારો જોવા મળી રહ્યો છે. સ્થિતિને જોતા આગામી ૨૭ જુલાઈએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે બેઠક બોલાવી છે. આ ઉપરાંત દેશના નવ રાજ્યોમાં કોરોનાના કેસોએ સરકારની ચિંતા વધારી છે. એવામાં કેન્દ્ર સરકારે તેમને ટેસ્ટિંગમાં વધારો કરવા, કન્ટેનમેન્ટ ઝોનના પ્લાન્સનું પાલન કરવા અને હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં વધારો કરવાનું સૂચન આપ્યું છે. આ નવ રાજ્યોમાં તેલંગાણા, આંધ્રા પ્રદેશ, કર્ણાટક, ઉત્તર પ્રદેશ, બિહાર, ઝારખંડ, ઓડિશા, પશ્ચિમ બંગાળ અને આસામ છે. જ્યારે મહારાષ્ટ્રમાં મૃતકોની સંખ્યાનો આંકડો ૧૨,૦૦૦ને પાર પહોંચી ગયો છે.

## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૧૬૦૫૩૭૦૭ | ૬૪૪૮૫૦ | ૯૭૨૬૦૬૨ |
| ભારત | ૧૩૮૩૭૪૯ | ૩૨૦૮૭ | ૮૮૪૬૩૨ |
| ગુજરાત | ૫૪૭૧૨ | ૨૩૦૫ | ૩૯૬૧૨ |
| ગાંધીનગર | ૧૩૯૮ | ૭૫ | ૯૧૪ |

## કોરોના નેગેટિવ હશે તો ચારધામ યાત્રા કરી શકાશે

ઉત્તરાખંડ સરકારે શ્રદ્ધાળુઓ માટે ઉત્તર કાશીના ગંગોત્રી, યમનોત્રી, કેદારનાથ અને બદ્રિનાથ સ્થિત ચાર ધામના દરવાજા ખોલી નાંખ્યા છે. આ માટે શ્રદ્ધાળુએ રાજ્ય સરકારની શરતોનું પાલન કરવાનું રહેશે. જે મુજબ શ્રદ્ધાળુએ આગમનના ૭૨ કલાક પહેલા કોવિડ ૧૯નો ટેસ્ટ કરવાનો રહેશે. ટેસ્ટ નેગેટિવ આવે તેમને ઓનલાઈન મંજૂરી મળશે.

# અમેરિકાએ હ્યુસ્ટન ખાતેનું ચીની દૂતાવાસ સત્તાવાર રીતે બંધ કર્યું

વૉશિંગ્ટન,તા.૨૫

અમેરિકાના હ્યુસ્ટન શહેર ખાતે આવેલા ચીની વાણિજ્ય દૂતાવાસને શનિવારે સત્તાવાર રીતે બંધ કરી દેવામાં આવ્યું છે. ચાર દશકા પહેલા ખુલેલા આ દૂતાવાસને પહેલી વખત આ રીતે બંધ કરાવવામાં આવ્યું છે. થોડા દિવસો પહેલા અમેરિકાએ હ્યુસ્ટન ખાતેના ચીની દૂતાવાસને બંધ કરવા આદેશ આપ્યો હતો અને અમેરિકી એજન્ટ્સે દૂતાવાસની અંદર ઘૂસીને તેને બંધ કરાવી દીધું હતું. ત્યાર બાદ બંને દેશો વચ્ચેનો તણાવ ચરમસીમાએ પહોંચ્યો છે. ઉલ્લેખનીય છે કે બંને દેશો વચ્ચે પહેલેથી જ કોરોના વાયરસના નિયંત્રણને લઈ વાકયુદ્ધ ચાલી રહ્યું છે. એક અહેવાલ પ્રમાણે અમેરિકાએ ચીનને ૭૨ કલાકની અંદર હ્યુસ્ટન ખાતેનું પોતાનું વાણિજ્ય દૂતાવાસ બંધ કરવા જણાવ્યું હતું. અમેરિકાના વિદેશ મંત્રી માઈક પોમ્પિયોએ લગાવેલા આરોપ પ્રમાણે તે જાસૂસી અને બૌદ્ધિક સંપત્તિની ચોરી માટેનું એક કેન્દ્ર છે. અમેરિકાના ટોચના અધિકારીઓએ વાણિજ્ય દૂતાવાસ પર અમેરિકામાં બેઈજિંગના જાસૂસી અભિયાનોમાં સામેલ થવાનો આરોપ પણ લગાવ્યો હતો.

હ્યુસ્ટનમાં વાણિજ્ય દૂતાવાસ બંધ કરવાના અમેરિકાના નિર્ણય પર પલટવાર

● અનુસંધાન પાન-૭ પર

## છેલ્લે... છેલ્લે...

- સુરતથી ઉપડતી અને આવતી એસટી અને ખાનગી બસોને ૧૦ દિવસ બંધ કરવા હુકમ.
- રાધનપુરના કોંગ્રેસી ધારાસભ્ય રઘુ દેસાઈ અને તેમની દીકરીને કોરોના પોઝિટિવ આવતા અમદાવાદ સારવાર માટે ખસેડાયા
- ખાડીયાના ભાજપના કોર્પોરેટર મયુર દવેને કોરોના પોઝિટિવ આવતા એસવીપીમાં દાખલ કરાયા
- ચીનના સરકારી અણુમથકના એક સાથે ૯૦ અણુવિજ્ઞાનીઓએ રાજીનામા ધરી દેતાં હડકંપ

## સાંગલીમાં ૪૦૦ વર્ષ જૂના વૃક્ષોને નહિ કપાય

મુંબઈ,તા.૨૫

મહારાષ્ટ્રના સાંગલીના ભોસે ગામના લોકોએ ૪૦૦ વર્ષ જૂના વડના વૃક્ષને કાપવાથી બચાવ્યું છે. આ વડ સ્ટેટ હાઈવેની વચ્ચે આવી રહ્યું હતું. ગામના લોકોને ખબર પડી તો ગામના લોકો વૃક્ષને ઘેરીને ઊભા થઈ ગયા અને ચિપકો આંદોલન શરૂ કરી દીધું. આ સમાચાર કેન્દ્ર સુધી પહોંચ્યા તો લોકોની ભાવનાઓને ધ્યાનમાં રાખીને રસ્તાનો નકશો બદલવાનો નિર્ણય કરવો પડ્યો.

રત્નાગિરી-સોલાપુર હાઈવે પર આ વૃક્ષ યેલમ્મા મંદિર પાસે છે. આ વૃક્ષ અહીંયાના લોકોની પરંપરા સાથે જોડાયેલું છે. આ વૃક્ષ પર ઘણા પ્રકારની કીડી અને પ્રાણીઓ જોવા મળે છે.




